## સંક્ષિપ્ત સમાચાર

### ઝઘડિયામાં ઉમલ્લા વિભાગમાં ખેતી વિષયક વીજળી મુદ્દે રજૂઆત



ભરૂચ: ઝઘડિયાના ઉમલ્લા અને આસપાસનાં ગામોના ૧૦૦થી વધુ ખેડૂતોએ ખેતી માટે અપૂરતી વીજળી મુદ્દે રાજપારડી ડીજીવીસીએલ કચેરી ખાતે ઉગ્ર રજૂઆત કરી આવેદન પત્ર પાઠવ્યું હતું. ખેડૂતોનો આક્ષેપ છે કે, ઢૂંઢા ફીડર હેઠળના વિસ્તારોમાં ૮ કલાકના બદલે માંડ ૨ કલાક વીજળી મળે છે, જેના કારણે કાળઝાળ ગરમીમાં પાક સુકાઈ રહ્યો છે. ખેડૂતોએ અન્ય ફીડરની જેમ ૨૪ કલાક સિંગલ ફેઈઝ વીજળી અને ઢૂંઢા ફીડરમાં ઘટતા કર્મચારીઓની નિમણૂક કરવા માંગ કરી છે. ડીજીવીસીએલના મુખ્ય અધિકારીએ પ્રશ્નો સાંભળી તાકીદે ફોલ્ટની ચકાસણી કરવા અને જાળવણી કામગીરી સુધારવાની ખાતરી આપતાં મામલો થાળે પડ્યો હતો.

### નાના કાકડકૂવામાં તસ્કરોનો આતંક

સોનગઢ: નાના કાકડકૂવા ગામમાં એક જ રાત્રિમાં તસ્કરોએ ત્રણ સ્થળોને નિશાન બનાવતાં ગ્રામજનોમાં ફફડાટ વ્યાપી ગયો છે. તસ્કરો રહેણાક મકાનો અને દુકાનમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી કુલ રૂ.86,200ની મતા ચોરી ફરાર થઈ ગયા છે. રૂબીનાબેન ગામીતના બંધ મકાનનું તાળું તોડી તસ્કરોએ કબાટમાંથી ચાંદીના સાંકળા, બ્રેસલેટ, સોનાની વીંટી અને રૂ. 40,000ની રોકડની ચોરી કરી હતી. આ ઉપરાંત, પાડોશમાં રહેતા જિજ્ઞેશભાઈના ઘરેથી રૂ.20,000 અને ગામની બહાર આવેલી વિલ્સનભાઈની દુકાનમાંથી રૂ. 1,700ની ચોરી થઈ હતી. એકસાથે ત્રણ જગ્યાએ થયેલી ચોરી અંગે સોનગઢ પોલીસે ગુનો નોંધી અજાણ્યા શખ્સોને ઝડપી પાડવા તપાસ તેજ કરી છે.

### પીપોદરામાં અકસ્માતમાં એકનું મોત

હથોડા: પીપોદરા જીઆઇડીસીમાંથી પસાર થતા નેશનલ હાઇવે નં.48 ક્રોસ કરી રહેલા 30 વર્ષના યુવાનને હાઇવે પરથી પૂરપાટ ઝડપે પસાર થઈ રહેલા અજાણ્યા વાહને ટક્કર મારતાં યુવાનના માથા તેમજ શરીરે ગંભીર ઈજા પહોંચતાં યુવાનનું મોત થયું હતું. મોડી રાત્રે અકસ્માત સર્જીને અંધારાનો લાભ લઈને વાહન સમેત વાહન ચાલક ભાગી છૂટ્યો હતો. પાલોદ પોલીસે લાશનો કબજો લઈ ભાગી છૂટેલા વાહન ચાલકની શોધખોળ શરૂ કરી છે.

### બારડોલીના સ્વરાજ આશ્રમમાં રહેતો વાહન ચોર ઝડપાયો



બારડોલી: બારડોલી ટાઉન પોલીસ મથક વિસ્તારમાં વધી રહેલી વાહન ચોરીની ઘટનાઓને ડામવા પોલીસે સઘન કાર્યવાહી હાથ ધરી છે. ડીવાયએસપી એચ.એલ.રાઠોડ અને પીઆઈ વી.એ. સેંગલના માર્ગદર્શન હેઠળ ટીમોએ હ્યુમન ઇન્ટેલિજન્સ અને સીસીટીવી ફૂટેજના આધારે ત્રણ શખ્સોને દબોચી લીધા છે. મુખ્ય આરોપી ક્રિષ્નાકુમાર ઉર્ફે કિશુ પરમાર (રહે.,સ્વરાજ આશ્રમ, બારડોલી) સહિત ચોરીનો માલ ખરીદનાર શની મિસ્ત્રી (રહે., ઉવા, મિસ્ત્રી ફળિયું, તા. બારડોલી) અને પિન્કલ લાડ (રહે., સરદારવિલા સોસાયટી, ધામડોદ રોડ, બારડોલી)ની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે આરોપીઓ પાસેથી રોયલ એનફિલ્ડ બુલેટ, એક્ટિવા અને એક્સેસ જેવા ૬ વાહન (કિંમત રૂ. ૨.૧૫ લાખ) રિકવર કર્યા છે. આ સાથે વાહન ચોરીના ચાર વણઉકેલ્યા ગુનાઓનો ભેદ ઉકેલાયો છે.

### ઢાઢર નદીમાં મગરના હુમલામાં ગુમ યુવકની લાશ મળી



ભરૂચ: જંબુસરના બોજાદરા ગામે ઢાઢર નદીમાં મગરના હુમલામાં ગુમ થયેલા ૩૫ વર્ષીય યુવક કિસન રાઠોડનો મૃતદેહ બીજા દિવસે મળી આવ્યો છે. મગરે યુવકને ફાડી ખાતા મૃતદેહ ક્ષત-વિક્ષત હાલતમાં મળ્યો હતો, જેનાથી સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે. મૃતક ત્રણ માસૂમ બાળકો અને પરિવારનો એકમાત્ર આધારસ્તંભ હતો. ઘટના સ્થળે વન વિભાગ અને પોલીસના ઉચ્ચ અધિકારીઓ દોડી આવ્યા હતા. પરિવારે સરકાર પાસે આર્થિક સહાયની માંગ કરી છે. હાલ પોલીસે પોસ્ટમોર્ટમ કરાવી વધુ તપાસ હાથ ધરી છે.

### બારડોલીની બી.એ.બી.એસ. હાઇસ્કૂલના નવા હોદ્દેદારોની વરણી



બારડોલી: બારડોલી એજ્યુકેશન સોસાયટી સંચાલિત બી.એ.બી.એસ. હાઇસ્કૂલના નવનિયુક્ત મેનેજિંગ કમિટી અને ટ્રસ્ટી મંડળની બેઠક તાજેતરમાં શાળાના કેમ્પસ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં આગામી ત્રણ વર્ષ માટે સર્વાનુમતે નવી કારોબારીની નિમણૂક કરવામાં આવી હતી, જેમાં હસમુખભાઈ મગનભાઈ પટેલ ચેરમેન તરીકે, વ્યોમ ભાસ્કરકુમાર પાઠક સેક્રેટરી તરીકે, દિનેશભાઈ છગનભાઈ દેસાઈ વાઇસ ચેરમેન તરીકે, વૈભવ ઉરેશભાઈ શાહ સહમંત્રી તરીકે અને નિલેશ પ્રહલાદભાઈ પટેલ ખજાનચી તરીકે બિનહરીફ ચુંટાઈ આવ્યા છે. નવા હોદ્દેદારોની આ નિમણૂકથી સંસ્થાના વહીવટી અને શૈક્ષણિક કાર્યોમાં નવી ઉર્જાનો સંચાર થશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

### તાપી જિલ્લામાં લોકશાહીના પર્વને શિક્ષકોએ રંગોથી વધાવ્યો




વાલોડ: તાપી જિલ્લામાં આગામી તા.28મીએ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તેવા ઉમદા આશય સાથે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા 'સ્વીપ' પ્રવૃત્તિઓને વેગ આપવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત જિલ્લાના વિવિધ તાલુકાઓમાં પ્રાથમિક શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓની સાથે પોતે પણ કલાત્મક અને અર્થસભર રંગોળીઓ દ્વારા મતદાન જનજાગૃતિનો પ્રેરક સંદેશો પાઠવ્યો છે. તાપી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરીના માર્ગદર્શન હેઠળ વિવિધ CRC (ક્લસ્ટર રિસોર્સ સેન્ટર) ખાતે શિક્ષકો અને શૈક્ષણિક સ્ટાફ દ્વારા મતદાન જાગૃતિના ઉમદા હેતુથી ભવ્ય રંગોળીઓ તૈયાર કરવામાં આવી હતી. ઘોડચિત સહિતના વિવિધ કેન્દ્રો પર શિક્ષકોએ 'માય વોટ, માય ચોઈસ', 'વોટ ફોર બેટર ઇન્ડિયા' અને 'મતદાન જાગૃતિ' જેવા પ્રેરક સૂત્રોને રંગોળી અને કલાના માધ્યમથી કંડારીને નાગરિકોને મતદાન માટે જાગૃત કર્યા હતા.

## ગેસ લીકેજ બાદ સ્વિચ ચાલુ કરતાં જ બ્લાસ્ટ, 6 દાઝયા

**ચલથાણમાં** ઘર માલિક સવારે રસોઈ બનાવ્યા બાદ ગેસ બંધ કરવાનું ભૂલી ગયા હતા

**નોકરી** પરથી પરત આવી સ્વીચ ચાલુ કરતાં બ્લાસ્ટ થયો



ઈલ્યાસ શેખ

પલસાણા: પલસાણાના ચલથાણ ગામની ખુમાનસિંહ વાડી વિસ્તારમાં એક એપાર્ટમેન્ટમાં ગેસ લીકેજના કારણે થયેલા ભીષણ ધડાકામાં એક જ પરિવારના 5 સભ્ય ગંભીર રીતે દાઝી ગયા છે, જેના કારણે વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

ઘર માલિક નીરજ મિશ્રા સવારે રસોઈ બનાવ્યા બાદ ગેસ બંધ કરવાનું ભૂલી ગયા હતા અને નોકરી પર નીકળી ગયા હતા. આખો દિવસ ગેસ લીક થવાને કારણે ઘરમાં ગેસ ભરાઈ ગયો હતો. સાંજે નીરજ મિશ્રા નોકરી પરથી પરત ફર્યા ત્યારે પાડોશીઓએ તેમને ઘરમાંથી ગેસની તીવ્ર વાસ આવતી હોવાની જાણ કરી હતી. બાદ તેઓએ દરવાજો ખોલીને અજાણતા જ લાઈટની સ્વિચ ચાલુ કરી દીધી હતી. જેના કારણે સ્પાર્ક થતાં જ ભીષણ બ્લાસ્ટ થયો હતો. ઘટના સમયે પાડોશમાં રહેતી મહિલા દેવી દુર્ગા અને તેના ચાર બાળકો આયુષ્માન, આયુષ, અનુજ અને સુમન પણ ત્યાં હાજર હતાં. બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે તમામ લોકો ગંભીર રીતે દાઝી ગયાં હતાં. આ અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા તમામ 6 લોકોને તાત્કાલિક સારવાર માટે ચલથાણની સંજીવની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે, તેમાંના 3 લોકોની હાલત વધુ ગંભીર જણાતાં તેમને વધુ સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે. આ ઘટના પછી સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.



ઈબ્રાહીમ દ્વાનુ

## કોસંબા હાઈવે પર કન્ટેનરે ટ્રક-બસને ઉડાવતાં એકનું મોત

**ગોલ્ડી** સોલારના 3 કર્મચારી સહિત 4 ઘાયલ

હથોડા: કોસંબા નજીક નેશનલ હાઈવે નં.48 પર શનિવારે એક ભયાનક ટ્રિપલ અકસ્માત થયો હતો. સાવા ગામની સીમમાં બેકાબૂ બનેલા એક કન્ટેનર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કન્ટેનર ડિવાઈડર કૂદીને સામેના ટ્રેક પર ધસી આવ્યું હતું, જ્યાં તેણે ટ્રક અને ખાનગી બસને અડફેટે લીધી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ટ્રક ચાલકનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય ચાર વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર કોસંબા પોલીસ મથકની હદમાં આવતા સાવા ગામ પાસે હાઈવે પરથી પસાર થઈ રહેલા કન્ટેનર નં.(MH 43 BX 3540)ના ચાલક મોહમ્મદ ઝવેર જૈશ મોહમ્મદે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો.

બેકાબૂ બનેલું કન્ટેનર ડિવાઈડર તોડીને સામેના રોડ પર આવી ગયું હતું અને સામેથી આવતી ટ્રક નં.(GJ 12 BZ 3199) તેમજ ખાનગી બસ નં.(GJ 05 CY 6354) સાથે જોરદાર અથડાયું હતું. આ ટક્કર એટલી પ્રચંડ હતી કે ટ્રકમાં ભરેલી લોખંડની ભારેખમ કોયલ (રોલ) ટ્રકની કેબિન પર ધસી આવી હતી. જેના કારણે ટ્રક ચાલકનું શરીર ગંભીર રીતે છુંદાઈ ગયું હતું અને તેનું સ્થળ પર જ મોત થયું હતું.

બીજી તરફ અકસ્માત સર્જનાર કન્ટેનર ચાલકને પણ માથા અને પગના ભાગે ઈજાઓ પહોંચી હતી. ખાનગી બસમાં સવાર ગોલ્ડી સોલાર કંપનીના ત્રણ કર્મચારીને પણ સામાન્ય ઈજાઓ થતાં સારવાર માટે ખસેડાયા હતા.

ઘટનાની જાણ થતાં જ સુરત જિલ્લા ટ્રાફિક પોલીસના હેડ કોન્સ્ટેબલ લાલજીભાઈ અને કોસંબા પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો.

પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી, અકસ્માતને પગલે હાઈવે પર સર્જાયેલા ટ્રાફિક જામને હળવો કરવા અને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## સરભોણ ગામના ખેડૂતો આજે તળાવ ખોદકામ સામે વિરોધ કરશે

બારડોલી: બારડોલી તાલુકાના સરભોણ ગામમાં તળાવમાંથી થઈ રહેલા આડેધડ અને અતિશય ખોદકામને લઈને ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. તળાવમાંથી પરવાનગી કરતાં વધુ માટી કાઢવામાં આવતાં તેની સીધી અસર આજુબાજુની ખેતીલાયક જમીન પર પડી રહી છે અને ખેડૂતોના પાકને મોટું નુકસાન થઈ રહ્યું છે. આ ગંભીર સમસ્યાના ઉકેલ માટે આવતીકાલે રવિવારે સાંજે ૫ વાગ્યે ગામના ખેડૂતો અને ગ્રામજનો એકત્રિત થવાના છે. વહીવટી તંત્ર દ્વારા અત્યાર સુધી યોગ્ય કાર્યવાહી ન થતી હોવાને કારણે ખેડૂતો હવે એકમતે આ ખોદકામનો વિરોધ કરવા માટે ભેગા થઈ રહ્યા છે. આ બેઠક દ્વારા ખેડૂતો પોતાની જમીન અને પાકને બચાવવા માટે અવાજ ઉઠાવશે.

## કામરેજમાં બાંધકામ ક્ષેત્રના કોન્ટ્રાક્ટરનો આપઘાતનો પ્રયાસ

કામરેજ: નવી પારડી ખાતે નિર્માણાધીન સાઈટ પર કોન્ટ્રાક્ટરે ઉંદર મારવાની દવા ગટગટાવી લેતા ચકચાર મચી ગઈ છે. મૂળ રાજકોટના અને હાલ સરથાણા ખાતે રહેતા 45 વર્ષીય હસમુખભાઈ હિરપરાએ સેન્ટિંગના સામાનના રૂ.27 લાખની ઉઘરાણીથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. સેન્ટિંગનો સામાન ન્યૂ શફી ટીમ્બરના માલિક સફી તેમજ કીમના રિયાઝ અને એસ.કે. ટીમ્બરના માલિક સલીમ પાસે બે મહિનાની શરતે વેચાણથી લીધો હતો. શુક્રવારે સવારે પીપોદરાથી દવા લાવી તેમણે શુભમ રેસિડન્સી ખાતે પી લીધી હતી. પુત્રને જાણ થતાં તેમને તુરંત જ સાયણની જીવન રક્ષા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

## પલસાણાની મિલમાં યુવાનનું મોત

પલસાણા: પલસાણાના જોળવા સ્થિત ક્રિષ્ના ડાઈંગ એન્ડ પ્રિન્ટિંગ મિલમાં ફરજ બજાવતા ૩૪ વર્ષીય જિજ્ઞેશકુમાર હરિભાઈ પટેલ (રહે., ઉન, માંડવી)નું રહસ્યમય સંજોગોમાં મોત નીપજ્યું હતું. ગત ૧૭ એપ્રિલે કામ દરમિયાન તે બેભાન થઈ ઢળી પડ્યો હતો. સહકર્મીઓ તેમને તાત્કાલિક ચલથાણની સંજીવની હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.

## વાંકલના સ્ટેશન વિસ્તારમાં તિજોરી તોડી ઘરેણાંની ચોરી

**તસ્કરો** બાઇક પર આવ્યા હોવાની ચર્ચા



વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળના વાંકલ ગામે ધોળા દિવસે ચોરીની ઘટના બનતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. વાંકલના સ્ટેશન વિસ્તારમાં રહેતા મનોજભાઈ છગનભાઈ ચૌધરીના મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. બપોરે આશરે 2 વાગ્યાના સુમારે જ્યારે પરિવારના સભ્યો બાજુના ઘરમાં ગયા હતા. ત્યારે અજાણ્યા શખ્સોએ ઘરમાં પ્રવેશી તિજોરીનાં તાળાં તોડ્યાં હતાં.તેજ સમયે તિજોરી તોડવાનો અવાજ આવતાં મનોજભાઈના ઘરવાળા શેનો અવાજ આવ્યો છે તે જોવા ઘરમાં પ્રવેશ્યા હતા. તસ્કર તેમને જોઈ ફોન પર વાત કરતો કરતો બહાર નીકળી ગયો હતો. એક બહાર રસ્તા પર બાઈક પરથી ઘરની વ્યક્તિઓ પર નજર રાખી રહ્યો હતો. તિજોરીમાં રાખેલી ચાંદીનાં ઘરેણાંની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે ચોર ટોળકી ડ્યુક બાઈક લઈને આવી હતી. આ બનાવ અંગે મનોજભાઈ ચૌધરીએ વાંકલ આઉટ પોસ્ટમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. માંગરોળ પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે. પોલીસ દ્વારા વિસ્તારનાં સીસીટીવી ફૂટેજ તપાસવામાં આવી રહ્યાં છે. જેથી તસ્કરોનું સચોટ પગેરું મેળવી શકાય અને ગુનાનો ભેદ ઉકેલી શકાય.

## સોનારપાડામાં જુગાર રમતા બે ઝડપાયા

સોનગઢ: સોનગઢના સોનારપાડા ગામે એક ગૌશાળા પાછળ ચાલતા જુગારધામ પર પોલીસે બાતમીના આધારે દરોડો પાડી બે શખ્સને રોકડ રકમ અને જુગારના સાહિત્ય સાથે રંગેહાથ ઝડપી પાડ્યા છે. મળતી વિગતો પ્રમાણે સોનગઢ પોલીસ સ્ટેશનના સ્ટાફને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, સોનારપાડા ગામે મલ્હાર મંદિરના પાછળના ભાગે આવેલી એક ગૌશાળામાં ખુલ્લા છાપરા નીચે કેટલાક ઈસમો પૈસા વડે હાર-જીતનો જુગાર રમી રહ્યા છે. પોલીસે દરોડા દરમિયાન સ્થળ પરથી આસિફ નાસીર કુરેશી (ઉં.વ.26) (રહે.,ઈસ્લામપુરા) અને દિવ્યેશભાઈ નામદેવભાઈ લેહારકર (ઉં.વ.21) (રહે.,મચ્છી માર્કેટ, સોનગઢ)ના બે શખ્સની ધરપકડ કરી છે.

તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી અને જુગારના દાવ પરથી કુલ રૂ.3,520ની રોકડ રકમ તથા પત્તાં કબજે કરવામાં આવ્યાં છે. આ મામલે આર્મ પોલીસ કોન્સ્ટેબલ મોતીભાઈ રામાભાઈ દેસાઈએ ફરિયાદ નોંધાવી છે. પોલીસે બંને આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## કમાલછોડમાં વિરોધ: મત માંગવા આવતા નેતાઓ માટે 'નો એન્ટ્રી'

**પડતર** પ્રશ્નો અને અવગણનાથી કંટાળેલી જનતા હવે મક્કમ, મતદાન નહીં કરવાનો સંકલ્પ




વાલોડ: વાલોડના બાજીપુરા (કમાલછોડ)ની વલ્લભનગર સોસાયટીમાં નેતાઓ માટે 'નો એન્ટ્રી' સાથે લોકોએ મતદાનનો બહિષ્કાર કર્યો છે. બાજીપુરા (કમાલછોડ) સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા જ જનતાનો મિજાજ આકરો દેખાઈ રહ્યો છે. બાજીપુરા (કમાલછોડ) વિસ્તારમાં આવેલી વલ્લભનગર સોસાયટીના રહીશોએ તંત્ર અને ચુંટાયેલા પ્રતિનિધિઓ સામે મોરચો માંડ્યો છે. વર્ષોથી પડતર પ્રશ્નો અને વિકાસનાં કામોના અભાવે કંટાળેલા રહીશોએ એકજૂટ થઈ સોસાયટીની બહાર મતદાન બહિષ્કારનાં બેનર્સ લગાવી દીધાં છે.

સ્થાનિકોમાં એ વાતનો ભારે રોષ છે કે ચૂંટણી જિત્યા બાદ તાલુકા કે જિલ્લા પંચાયતના સભ્યોએ ક્યારેય આ વિસ્તારની મુલાકાત લીધી નથી.

રહીશોના જણાવ્યા મુજબ ચૂંટણી આવતા જ નેતાઓ મત માંગવા આવે છે. પણ પાંચ વર્ષ સુધી પ્રજાનાં દુ:ખ-સુખ પૂછવાની તસ્દી લેતા નથી. વાલોડના બાજીપુરા (કમાલછોડ) જેવા વિકસતા વિસ્તારમાં પણ વલ્લભનગર સોસાયટીના પાયાના પ્રશ્નો વણઉકેલ્યા છે. નેતાઓ માત્ર સત્તા ભોગવવા માટે જ મત માંગવા આવતા હોવાનો રહીશોનો સ્પષ્ટ આક્ષેપ છે. સોસાયટીના ગેટ પર લાગેલા બેનરમાં કડક શબ્દોમાં લખવામાં આવ્યું છે કે, વર્ષ-2026ની જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીનો કમાલછોડ ખાતે વલ્લભનગર સોસાયટીના તમામ રહીશો બહિષ્કાર કરે છે. કોઈપણ રાજકીય નેતાઓએ ચૂંટણી પ્રચાર તથા મત માંગવા માટે વલ્લભનગર સોસાયટીમાં આવવું નહીં. જેમ જેમ 2026ની ચૂંટણી નજીક આવી રહી છે, તેમ તેમ જનતાનો આવો ઉગ્ર વિરોધ રાજકીય પક્ષો માટે ચિંતાનો વિષય બન્યો છે. બાજીપુરા (કમાલછોડ)ના રહીશોએ લીધેલો આ નિર્ણય આસપાસના વિસ્તારોમાં પણ ચર્ચાનો વિષય બન્યો છે. હવે જોવાનું એ રહે છે કે આ આક્રોશ જોઈને કોઈ નેતા જાગશે કે પછી જનતા પોતાના નિર્ણય પર મક્કમ રહી મતદાનનો બહિષ્કાર કરશે.

## ભરૂચમાં મહિલાના ગળામાંથી સોનાની ચેઈનની ચીલઝડપ

ભરૂચ: રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-3 પર ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસમાં ચડતી વખતે એક નિવૃત્ત મહિલાની સોનાની ચેઈન ચોરાઈ હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

વડોદરાના ગોરવા વિસ્તારમાં રહેતાં 50 વર્ષીય જુલિયટબેન પરમાર ઓસારા ગામે દર્શન કરીને પરત ફરી રહ્યાં હતાં, ત્યારે આ ઘટના બની હતી.

ટ્રેનના જનરલ કોચમાં પેસેન્જરોની ભારે ભીડનો લાભ ઉઠાવી અજાણ્યા તસ્કરે તેમના ગળામાંથી દોઢ તોલાની સોનાની ચેઈન અને પેન્ડલ (અંદાજિત કિંમત 60,000) ખેંચી લીધી હતી. ભોગ બનનારના જણાવ્યા મુજબ આ ચેઈન તેમને ભેટમાં મળી હતી અને 18 વર્ષ જૂની હતી.

આ અંગે ભરૂચ રેલવે પોલીસે ગુનો નોંધી CCTV ફૂટેજના આધારે તપાસ તેજ કરી છે.

## અંકલેશ્વરમાં 5 જુગારી ઝડપાયા

અંકલેશ્વર: અંકલેશ્વરના રાજપીપળા રોડ પર રેલવે લાઈન ઝૂંપડપટ્ટી વિસ્તારમાં અંકલેશ્વર શહેર 'બી' ડિવિઝન પોલીસે જુગારીઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવમાં પાંચ જુગારી કાર્તિક પટેલ (રહે.,વિનાયક સોસાયટી, ગડખોલ), ભાસ્કર નાયર (રહે.,રેલવે લાઈન ઝૂંપડપટ્ટી, ગડખોલ), રાજુભાઈ કચાભાઈ (રહે.,ગડખોલ), જીતેશ વસાવા (રહે.,ગડખોલ), સાવંત જોગી (રહે.,રેલવે લાઈન ઝૂંપડપટ્ટી, ગડખોલ) સામે કાર્યવાહી કરી રૂ.13340 રોકડા કબજે કર્યા હતા.

## દીપડો પાંજરે પુરાયો

અંકલેશ્વર: અંકલેશ્વરના ભાદીમાં દીપડાના આતંકથી ભયનો માહોલ હતો. વહેલી સવારે દીપડો દેખાતા વન વિભાગે તાત્કાલિક મારણ સાથે પાંજરું ગોઠવ્યું હતું, જેમાં દીપડો આબાદ ઝડપાઈ ગયો હતો.

## ચોરોએ ઘરેણાં સાફ કર્યા

વાંકલ: ઉમરપાડાના ચિરપણ ફળિયામાં રહેતા રમણભાઈ ચૌધરીના ઘરેથી કબાટ તોડી તસ્કરો ચાંદીની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ ઘટનામાં ઉમરપાડા પોલીસ વધુ તપાસ હાથ ધરી છે.


Milano MULTIPLEX
બારડોલી
Bhooth Bangla
10:00am, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Dhurandhar The Revenge
11:00am, 03:30pm, 08:00pm
Lee Cronins The Mummy
12:00pm, 06:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

જોઈએ છે પરમેનન્ટ
આઇ.ટી.આઇ. (ઈલેક્ટ્રિકલ)
માંડવી અને મહુવામાં સોલાર પ્રોજેક્ટના મેઈનટેનન્સ માટે
: સંપર્ક :
+91 97123 99516
+91 70166 77340
+91 95581 04486


### મોજે.શિકેર, તા.વાલોડ, જી. તાપીના બ્લોક નં. ૨૩૦ તથા વાળી બ્લોક નં. ૨૩૧ વાળી ખેતીની જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

તાપી ડિસ્ટ્રીક્ટ, વાલોડ સબ-ડિસ્ટ્રીક્ટના મોજે. શિકેર ના ખાતા નં. ૯૪૨, બ્લોક નં.૨૩૦, ક્ષેત્રફળ ૦૧ હે. - ૧૪ આરે. - ૦૦ ચો.મી. (જરાયત) અને ૦૦ હે. - ૦૫ આરે. -૦૦ ચો.મી. (પો.ખ.અ) મળી કુલ્લે ક્ષેત્રફળ ૦૧ હે. - ૧૯ આરે. ૦૦ ચો.મી. આકાર રૂા.૧૨.૯૫ પૈસા તથા ખાતા નં. ૯૪૩, બ્લોક નં.૨૩૧ ક્ષેત્રફળ ૦૧ હે. - ૦૪ આરે. - ૦૦ ચો.મી. (જરાયત) અને ૦૦ હે. - ૦૫ આરે. - ૦૦ ચો.મી. (પો.ખ.અ) મળી કુલ્લે ક્ષેત્રફળ ૦૧. હે. ૦૯ આરે. ૦૦ ચો.મી. આકાર રૂા.૧૧.૮૦ પૈસા વાળી ખેતીની જુની શરતની જમીન (૧) કલ્પનાબેન દિલીપભાઈ પટેલ રહેવાસી : ટાંકી ફળીયુ, મલેકપોર તા. પલસાણા, જી. સુરત, (૨) નીલ દિલીપભાઈ પટેલ રહેવાસી : ઘાંચી ફળીયુ, મલેકપોર, તા. પલસાણા, જી. સુરત (૩) નિતીશભાઈ ઉર્ફે નીતીષભાઈ દિલીપભાઈ પટેલ રહેવાસી : ૬૫ રાધા બાગ સોસાયટી શાસ્ત્રી રોડ બારડોલી, તા. બારડોલી, જી. સુરત નાઓએ પોતાની સંયુક્ત માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની અને ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનુ જણાવી હમારા અસીલ ને વેચાણ આપવાનુ નક્કી કરેલ છે અને ટુંક સમયમાં હમારા અસીલ સદરહુ જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેનાર છે. જેથી અન્ય કોઈના કાંઈપણ પ્રકારના લાગ-ભાગ, દર-દાવો, હકક-હિસ્સો, હિત-સંબંધ, વારસાઈ હકક, ગણોત હકક, દરમેલ હકક, ખાધા ખોરાકી યા લિયનના હકકો યા ઈઝમેન્ટના હકકો હોય યા બેંક, મંડળી, સંસ્થા કે રાજય સરકારના કોઈપણ ખાતા વિગેરેના કોઈપણ પ્રકારના બોજા, ચાર્જ, લેણુ હોય યા વેચાણ વિરુધ્ધ વાંધો હોય તો તેમણે આધારભુત પુરાવા સહિત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને લેખિત પુરાવા સહિત જાણ કરવી. જો મજકુર મુદતમાં કોઈ હકક, વાંધા રજુ થશે નહીં, તો કોઈના હકક, દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે તેવુ માની હમારા અસીલ સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારની તર, તકરાર કે વાંધા ચાલશે નહીં. જેની આથી સૌએ નોંધ લેવી.

તા. ૧૮/૦૪/૨૦૨૬

ઓફીસ : ૩૦૬, ટ્રિનિટિ બીઝનેસ પાર્ક, મધુવન સર્કલ, અડાજણ-એલ. પી.સવાણી રોડ, અડાજણ, સુરત.

**સત્યજીતસિંહ પી. રાઠોડ**
તે ખરીદનારના એડવોકેટ